કેસ રજુ તારીખ : ૦૪/૦૮/૨૦૧૭

કેસ દાખલ તારીખ : ૦૪/૦૮/૨૦૧૭

કેસ ફેસલ તારીખ : ૦૮/૦૮/૨૦૧૮

સમય ગાળો : ૦૧/૦૦/૦૪

વર્ષ માસ દિવસ

---

**મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૫ માં, મુ. અમદાવાદ.**

---

**ક્રિમી.કેસ નં.૫૦૦૨૯/૨૦૧૭**

**આંક :–**

**ફરીયાદી : સ્ટેટ ઓફ ગુજરાત**

**વિ.**

**આરોપીઓ : (૧) હીતેષભાઈ સ/ઓ. કુટરમલ જૈન ઉ.વ.૪૧**
**રહેવાસી–મ.નં.એ/૩૦૪ સત્યમ ટાવરની પાસે શાહીબાગ,**
**અમદાવાદ.**
**(૨) વિનોદ ઉર્ફ ભુટો જશુભાઈ સોલંકી ઉ.વ.૨૪ (યુ.ટી.પી.)**
**રહેવાસી– મફતનગરના છાપરાઓમાં દેવી સીનેમાં સામે,**
**પંજુનીચાલી નરોડા, અમદાવાદ.**
**(૩) નરેશભાઈ વઘાજી ઠાકોર ઉ.વ.૨૮ ( યુ.ટી.પી.)**
**રહેવાસી– મફતનગરના છાપરાઓમાં દેવી સીનેમા સામે,**
**પંજુનીચાલી નરોડા, અમદાવાદ.**

---

**સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એ.પી.પી.ઘાસુરા**
**આરોપીઓ પક્ષે વિ. વ. શ્રી એસ.એસ.કુરેશી**

---

**ગુન્હો : ઈ.પી.કો.કલમ–૩૭૯,૧૧૪ મુજબ..**

## –: જજમેન્ટ :–

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ તા.૨/૭/૧૭ના કલાક ૧૧/૩૦ થી કલાક ૧૨/૩૦ વાગ્યાના દરમ્યાન ફરીયાદી શ્રી નાઓએ પોતાની માલિકીની એકટીવા જી.જે.૧.એલ.એચ.૯૪૧૬ કિ.રૂ ૧૦,૦૦૦/– નાની સેલ પેટ્રોલપંપની સામે આર્યન ટયુશન કલાસીક નીચે જાહેર રોડની ઉપર પાર્ક કરે હતી તે એકટીવા ડુપ્લીકેટ ચાજીથી લોક ખોલી ચોરી કરી લઈ નઈ ગુન્હો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદી એ મણિનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત. ક. અમલદારે ફ.ગુ.ર.નં.૮૮/૨૦૧૭ થી ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૭૯,૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલત માં કરેલ છે.

(૨) આ કામે કુલ ૩ આરોપીઓ છે. જે પૈકી આરોપી નં.૧ હીતેષ કુટરમલ જૈન જામીન મુકત છે. જયારે આરોપી નં.૨ અને ૩ નાઓ જુડીસ્યલ કસ્ટડીમાં છે. આરોપી નં.૧ જણાવેલ સરનામે સમન્સ કરવા છતા તેઓ મળી આવેલ નથી અને આરોપી નં.૨ અને ૩નાઓ જુડીસ્યલ કસ્ટડીમાં હોય આ કામે સી.આર.પી.સી કલમ–૩૧૭ અન્વયે હુકમ કરી તમામ આરોપી સામે પુરાવો નોંધવા આદેશ કરેલ. તેમજ તમામ આરોપી સામે ચાર્જફ્રેમ કરી આરોપી નં.૨ અને ૩ની પ્લી રેકડ કરવા હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને સમન્સની કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીઓને મળી ગયા અંગેની ખાત્રી આંક– ૧ લગત કરેલ છે. ત્યારબાદ આરોપીઓ વિરુઘ્ધ આંક– ૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ અને આંક–૫ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તર્ફે નીચે મુજબના પુરાવા રજુ છે.

(અ) <u>મૌખિક પુરાવો :</u>

આંક–૬, ફરીયાદી રાજેન્દ્રબાબુભાઈ પંચાસરા ની જુબાની

(બ) <u>દસ્તાવેજી પુરાવા :</u>

આંક–૭, ફરીયાદ

(૫) ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ મુળ ભોગ બનનાર ફરીયાદી તરફે આંક–૮ થી *કલોસીગ* પુરસીસ રજુ કરવામાં આવેલ છે. વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીઓનું નિવેદન નોંધવા પુરતો પુરાવો રેકર્ડ ઉપર નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૬) ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્રા ઉપસ્થિત થયેલ છે.

–: <u>મુ દ્દા ઓ</u> :–

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપી એ ચાર્જશીટ મુજબ ઈ.પી.કો.કલમ–૩૭૯,૧૧૪મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

<u>–: કા ર ણો :–</u>

(૮) સદરહું ગુનાના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ફરીયાદી રાજેન્દ્રબાબુભાઈ પંચાસરા નાઓને આંક–૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ વંચાણે લેતાં તેઓએ પુરાવો આપેલ છે કે,તા.૨/૭/૧૭ના કલાક ૧૧/૩૦

થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન મણિનગર સેલ પેટ્રોલપંપનસ સામે પોતાનસ એકટીવા નં.જી.જે.૦૧.એલ.એચ.૯૪૧૬ જેની કિ.રૂ ૧૦,૦૦૦/– ગણાય તે મુકેલ હતી તે પાર્ક કરેલ ત્યારે કોઈ અજાણ્યો ઈસમ નજર ચુકવી ચોરી કરી લઈ ગયેલ જેથી તેઓએ આ બાબતની ફરીયાદ મણિનગર પો.સ્ટેશનમાં ફરીયાદ આપેલ જે ફરીયાદ રજુ આંક–૭ થી આપવામાં આવે છે  ત્યારબાદ ફરીયાદીની આરોપીઓ ના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા ફરીયાદી એ વાત ખરી હોવાનું  જણાવે છે કે, તેઓની એકટીવાની ચોરી કોણે કરેલ તે તેઓને પાછળથી ખબર પડેલ નહી તેઓને તેમનુ એકટીવા પરત મળી ગયેલ છે તેમજ તેઓને કેસ આગળ ચલાવવો નથી કે કોઈ સાક્ષી પુરાવા તેઓને આપવા નથી

(૯) ફરીયાદી ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ત્યારે તેમને ન માનવા માટે કોઈ જ કારણ નથી તે હકીકતમાં તેઓ જ જયારે  કલોઝીગ પુરસીસ આપી વધુ સાક્ષી તપાસવા માંગતા ન હોય તેવું જણાવતા હોય ત્યારે વધુ કોઈ સાક્ષી તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકે તેમ નથી. આમ ફરીયાદપક્ષ આરોપીઓ  સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયા હોય તે મુજબ મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર ૨ અંગે ન્યાયના હીતમાં નીચે  મુજબનો આખરી હુકમ ફરમાવું  છું.

**–: <u>હુ ક મ</u> : –**

૧... આ કામના આરોપીઓ ને ક્રિ.પ્રો.કોડ ની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૭૯,૧૧૪ મુજબના શીક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

૨... મુદ્દામલ સદર્ભ થયેલ વચગાળા નો હુકમ વિના શરતે કાયમ કરવામા આવે છે.

૩... આરોપીઓએ અગાઉ આપેલ જામીનના જામીનખત સી.આર.પી.સી. કલમ–૪૩૭એ  અન્વયે વધુ છ માસ માટે ચાલુ રાખવામાં આવે છે. ત્યારબાદ અપીલ ન થયેલ હોય તો આરોપીઓના ખત તથા જામીનખત રદ ગણવા.

આ હુકમ આજરોજ તા. ૮  માહે ઓગસ્ટ સને ૨૦૧૮  નારોજ   ખુલ્લી અદાલતમાં

**વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૦૮/૦૮/૨૦૧૮**
**મું. અમદાવાદ**

**(મહંમદઈરફાન અબ્દુલરજાકભાઈ શેખ)**
**એડી.ચીફ.મેટ્રોપોલીટન મેનીસ્ટ્રેટ, કોટ નં.૧૫,**
**અમદાવાદ.કોડ.નં. જીજે૦૦૮૯૨.**